# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-06-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

**આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.**

****************************************************

1) અમદાવાદમાં દુર્ઘટનાગ્રસ્ત થયેલા વિમાનનું બ્લેક બોક્સ મળી આવ્યું- સાચું કારણ જાણવાનું સરળ બનશે
2) વિમાન અકસ્માતમાં ડીએનએ ટેસ્ટ પૂર્ણ કરી રવિવાર સાંજ સુધીમાં મૃતદેહો પરિવારજનોને સોંપવામાં આવશે
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિમાન દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી – હોસ્પિટલમાં ઇજાગ્રસ્તોને મળ્યા
4) પ્રધાનમંત્રી, રાજ્યપાલ અને મુખ્યમંત્રી સહિત રાજ્યભરના લોકોએ દિવંગત પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલી આપી.
5) ઈઝરાયેલની સેનાએ આજે ઈરાનના અનેક સ્થળ પર હુમલો કરતા અંદાજે 50 જેટલા લોકો ઈજાગ્રસ્ત
6) **હૉકીમાં ભારતીય જૂનિયર મહિલા ટીમે એન્ટવર્પમાં યજમાન બેલ્જિયમને ત્રણ-બેથી હરાવીને સતત ત્રીજી જીત નોંધાવી.**

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PLANE CRESH

એર ઇન્ડિયાના વિમાન બોઇંગ 787 ના અકસ્માતના કારણે દેશ-વિદેશમાં હજારો પરિવારો શોકમગ્ન બન્યા છે. અકસ્માતના એપી સેન્ટર જેવી અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દેશ-વિદેશથી લોકોના સ્વજનો પહોંચી રહ્યા છે. ગઇકાલે જ્યારથી અકસ્માતના સમાચાર વેગીલા બન્યા છે, ત્યારથી આરોગ્ય તંત્ર, પોલીસ તંત્ર, અને સુરક્ષા તંત્ર ખડેપગે છે, અને અસરગ્રસ્ત પરિવારોને સહાયરૂપ થવા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

સાંભળો અમારા સંવાદદાતા અપર્ણા ખૂંટનો અહેવાલ,,.

(વોઇસકાસ્ટ- અપર્ણા ખૂંટ)

*(ગુજરાતનાં ઈતિહાસમાં બનેલી આ કરૂણાંતિકામાં મૃત્યુ પામેલા મોટાભાગના પ્રવાસી રાજ્યના અલગ અલગ જિલ્લાના રહીવાસી છે જેથી સમગ્ર રાજયમાં હાલ શોકનો માહોલ છે. આ જીવલેણ વિમાન દુર્ઘટનાની તપાસ ચાલુ છે, અને આજે આ તપાસમાં મહત્વની સફળતા મળી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, અકસ્માત સ્થળ પરથી બંને બ્લેક બોક્સ મળી આવ્યા છે. જેમાંથી એક ડિજિટલ ફ્લાઇટ ડેટા રેકોર્ડર છે. અગાઉ, ગુજરાત આતંકવાદ વિરોધી ટુકડી (ATS) ને સ્થળ પરથી ડિજિટલ વોઇસ રેકોર્ડર મળ્યું હતું. ફોરેન્સિક નિષ્ણાતો આજે ઘટના સ્થળની મુલાકાત લઈને વિગતવાર તપાસ કરી રહ્યા છે. ફોરેન્સિક તપાસની રાહ જોઈ હોવાથી આ દુર્ઘટનાનું ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી. દુર્ઘટના પછી, આસપાસના વિસ્તારના ઘણા સ્થાનિક રહેવાસીઓ ગુમ થયાના અહેવાલ છે. તેમને શોધવા માટે શોધ કામગીરી હાલમાં ચાલી રહી છે. આ ઘટના સંદર્ભે મેઘાણી નગર પોલીસ સ્ટેશનમાં આકસ્મિક મૃત્યુ માટે FIR પણ દાખલ કરવામાં આવી છે.*

*તો બીજી તરફ મૃતકોના પરિવારોને સાતથી વધુ મૃતદેહો સોંપવામાં આવ્યા છે, જ્યારે 200 થી વધુ DNA નમૂના લેવામાં આવ્યા છે. આ જીવલેણ ઘટનામાં જીવ ગુમાવનાર પ્રવાસીઓના પરિવારજનોની લાગણીને માન આપીને વહીવટી તંત્રે તમામના મૃતદેહો રવિવાર સાંજ સુધીમાં સોંપવાનો નિર્ણય કર્યો છે.*

*અપર્ણા ખુંટ//આકાશવાણી સમાચાર//અમદાવાદ)*

. . . . . . . . . . .

# AIR INDIA DGCA

**એર ઇન્ડિયાના વિમાન બોઇંગ 787 ના અકસ્માતને ધ્યાનમાં રાખીને નાગરિક ઉડ્ડયન મહાનિયામક દ્વારા વિશેષ સુરક્ષા નીરિક્ષણ માટેના આદેશ આપવામાં આવ્યા છે. DGCA દ્વારા તકેદારીના ભાગૂરેપ વિમાનોની જાળવણીનાં વધુ ખાસ પગલાં લેવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ..**

**(વોઇસ કાસ્ટ)**

*(નાગરિક ઉડ્ડયન મહાનિયામકે કહ્યું છે કે બોઇંગ 787 – 8 અને 9 શ્રેણીનાં અદ્યતન એન્જીન ધરાવતાં વિમાનોમાં 15 જૂનથી ઉડ્ડયન પૂર્વે ખાસ ચેકીંગ હાથ ધરવામાં આવશે. તેમાં વિમાન બળતણ અંગેની જાળવણીનાં ધારાધોરણ, કેબિન એર કોમ્પ્રેશરની જાળવણી, એન્જીન કંટ્રોલ સીસ્ટમ, હાઇડ્રોલીક સીસ્ટમ અને વિમાન ઉડ્ડયન અંગેના ધારાધોરણ અનુસાર તપાસ કરવાની રહેશે.*

*આ ઉપરાંત ફ્લાઇટ કંટ્રોલ ઇન્સ્પેક્શન કરવાના ખાસ આદેશ આપ્યા છે. દર બે અઠવાડિયે વીજ પુરવઠા સંબંધી બાબતો ચકાસવા જણાવ્યું છે.*

*નાગરિક ઉડ્ડયન મહાનિયામકે છેલ્લા 15 દિવસથી મળી રહેલી ટેકનીકલ ક્ષતિ અંગેની ફરિયાદોને ધ્યાનમાં લઇને તેનો સત્વરે  નિકાલ કરવાનાં આદેશ આપ્યા છે, અને તેનો અહેવાલ મોકલવા જણાવ્યું છે. અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર, અમદાવાદ.....)*

. . . . . . . . . . .

# PM- GUJARAT VISIT

પ્રધાનનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે અમદાવાદ પહોંચ્યા હતા અને દુર્ઘટના સ્થળની મુલાકાત લીધી હતી તેમજ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા ઇજાગ્રસ્તોને મળીને તેમના ખબર અંતર પૂછ્યા હતા તેમણે સિવિલ હોસ્પિટલના અધિક્ષક સાથે પણ વાતચિત કરીને

ઇજાગ્રસ્તોને યોગ્ય સારવાર મળી રહે તેવી સૂચના આપી હતી..તેમણે મુતકોના પરિવારજનો સાથે પણ મુલાકાત કરી હતી અને  અસરગ્રસ્ત લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે, અમદાવાદમાં થયેલી હવાઈ દુર્ઘટનાથી દેશ ખૂબ જ દુઃખી છે. અચાનક જ હૃદયદ્રાવક થયેલા અકસ્માતમાં આટલા બધા લોકોનાં મોત અંગે તેમણે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. શ્રી મોદીએ કહ્યું કે, સરકાર તેમનું દુઃખ સમજે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દુર્ઘટનામાં ઉગરી ગયેલા  એકમાત્ર મુસાફર અને ભારતીય મૂળના બ્રિટિશ નાગરિક વિશ્વાસકુમાર રમેશ સાથે  પણ મુલાકાત કરી હતી.. મુલાકાત બાદ, શ્રી મોદીએ અમદાવાદમાં અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

. . . . . . . . . . .

## RUPANI TRIBUTES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના નિધન પર શોક વ્યક્ત કર્યો, તેમણે સોસિયલ મીડિયા પોસ્ટ એક્સ અને થ્રેડ પર લખ્યુ છે કે “વિજયભાઈ રૂપાણીના પરિવારજનોને મળી સાંત્વના પાઠવી. વિજયભાઈ આપણી વચ્ચે નથી એ વાત મન માનવા તૈયાર નથી. વર્ષોથી મારે તેમની સાથે નાતો રહ્યો છે. કંઈ કેટલાય પડકારજનક સમયમાં અમે ખભે ખભા મિલાવીને કામ કર્યું છે. તેમણે વિજય રૂપાણીના કાર્યોને પણ યાદ કર્યા હતાં.

જ્યારે રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે રાજકોટમાં દિવગંત વિજય રૂપાણીના પરિવારજનોને મળીને તેના સાંત્વના આપી હતી..

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનારા રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી પટેલે લખ્યું, મુખ્યમંત્રી તરીકે પારદર્શી અને નિર્ણાયક નેતૃત્વથી રાજ્યની સર્વાંગી વિકાસ યાત્રાને આગળ ધપાવવામાં તેમનું યોગદાન સદૈવ યાદ રહેશે.

જ્યારે રૂપાણી સરકારમાં નાયબ મુખ્યમંત્રી તરીકે કામગીરી બજાવી ચૂકેલા  નીતિન પટેલે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું છે.

(બાઈટઃ નીતિન પટેલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી)

વિજય રૂપાણીને શ્રધ્ધાંજલી અર્પણ કરવા માટે રાજકોટની શાળાઓએ એક દિવસની રજા જાહેર કરી છે. જ્યારે રાજકોટના વેપારીઓએ પણ વેપાર રોજગાર બંધ રાખવાનો નિર્ણય કર્યો છે.

. . . . . . . .

**MID BREAK- NEWS- NATIONAL**

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

-----

## ISRAEL IRAN

ઈઝરાયેલની સેનાએ આજે સવારે ઈરાનના અનેક સ્થળ પર હુમલા કર્યાં. દરમિયાન ઈઝરાયેલા મુખ્ય પરમાણુ સુવિધાઓને નિશાન બનાવ્યા. ઈરાનની તસ્નીમ સરકારી સમાચાર સંસ્થા મુજબ, રહેણાક વિસ્તારો પર પણ હુમલો કરાયો છે. તેમાં ઓછામાં ઓછા 50 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂએ કહ્યું, જ્યાં સુધી જરૂર પડશે ત્યાં સુધી સૈન્ય અભિયાન ચાલુ રહેશે. તેના જવાબમાં ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લા અલી ખામેનેઈ-એ ઈઝરાયેલને કડક સજા આપવાની ચેતવણી આપી. ઈઝરાયેલની સેનાએ કહ્યું, ઈરાને તેમના ક્ષેત્ર તરફ અંદાજે 100 ડ્રૉન છોડ્યા, જેમાંથી અનેક ડ્રૉનને રોકવામાં આવ્યા.

દરમિયાન વૈશ્વિક નેતાઓએ પશ્ચિમ એશિયામાં બગડતી સ્થિતિ પર ચિંતા વ્યક્ત કરી. ભારતે બંને પક્ષને ધીરજ રાખવા આહ્વાન કર્યું છે અને રાજદ્વારી માધ્યમથી આ મુદ્દાઓના સમાધાન કરવાના મહત્વ પર ભાર મૂક્યો. વિદેશ મંત્રાલયે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતા તણાવ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરતા નિવેદન પણ જાહેર કર્યું છે.

. . . . . . . . . . .

## STOCK MARKET

સ્થાનિક શેરબજાર આજે ઘટાડા સાથે બંધ થયું. બૉમ્બે શેરબજારનો સૂચકાંક 573 પૉઈન્ટના ઘટાડા સાથે 81 હજાર 119 પર બંધ થયો. જ્યારે

નેશનલ સ્ટૉક એક્સચેન્જનો નિફ્ટી 117 પૉઈન્ટ ગગડીને 24 હજાર 719 પર રહ્યો.

. . . . . . . . . . .

## FOREX RESERVES

**દેશના વિદેશી મુદ્રા ભંડાર છ જૂને પૂર્ણ થયેલા સપ્તાહ સુધીમાં પાંચ અબજ 17 કરોડ ડૉલરથી વધુ થઈ 696 અબજ 60 કરોડ ડૉલર સુધી પહોંચ્યું છે. રિઝર્વ બૅન્ક તરફથી જાહેર સાપ્તાહિક આંકડાઓ મુજબ, આ સમયગાળા દરમિયાન વિદેશી ચલણ સંપત્તિ ત્રણ અબજ 40 કરોડ ડૉલર વધીને 587 અબજ 60 કરોડ ડૉલરે પહોંચી છે.**

**આ દરમિયાન સોનાના ભંડારમાં એક અબજ 50 કરોડ ડૉલરનો વધારો થયો અને તે 85 અબજ 88 કરોડ ડૉલરે પહોંચ્યો. દરમિયાન A.D.R. 102 મિલિયન ડૉલર વધીને 18 અબજ 67 કરોડ ડૉલરે પહોચ્યું છે. જ્યારે આંતર-રાષ્ટ્રીય નાણા ભંડોળ પાસે રખાયેલું ભારતીય રિઝર્વ બૅન્કનું ધન 14 મિલિયન ડૉલર વધીને ચાર અબજ 40 કરોડ ડૉલરે પહોંચ્યું છે.**

. . . . . . . . . . .

## MAHARASHTRA RAIN

મહારાષ્ટ્રમાં પુણે, સાંગલી અને કોલ્હાપુર સહિત અનેક વિસ્તારમાં ગઈકાલે ભારે વરસાદ થયો. મુંબઈમાં આજે સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યું છે. હવામાન વિભાગે આજે મુંબઈ અને તેની આસપાસના મોટા ભાગના વિસ્તાર માટે યલો અલર્ટ જાહેર કર્યું છે.

હવામાન વિભાગે રત્નાગિરિ, સતારા, સાંગલી અને કોલ્હાપુર માટે ઑરેન્જ અલર્ટ અને સિંધુદુર્ગમાં ભારે વરસાદનું રેડ અલર્ટ જાહેર કર્યું છે. વિભાગે આવતીકાલ માટે રત્નાગિરિમાં રેડ અલર્ટ, જ્યારે રાયગઢ, સિંધુદુર્ગ, સતારા, સાંગલી અને કોલ્હાપુર માટે ઑરેન્જ અલર્ટ જાહેર કર્યું છે.

. . . . . . . . . . .

# AYUSH YOG

આયૂષ મંત્રાલય આવતીકાલે નવી દિલ્હીમાં 'એક પૃથ્વી, એક સ્વાસ્થ્ય માટે યોગ પરઆધારિત હાઈબ્રિડ વૈશ્વિક શિખર સંમેલનનું આયોજન કરશે. આ સંમેલન 11-મા આંતર-રાષ્ટ્રીય યોગ દિવસ માટે એક મુખ્ય કાર્યક્રમ તરીકે યોજવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમમાં એક લાખથી વધુ સહભાગીઓ ઉપસ્થિત રહેશે, જેમાં વિશ્વભરની અગ્રણી આંતર-રાષ્ટ્રીય યોગ સંસ્થાઓ અને આરોગ્ય સમુદાયના સહભાગીઓ પણ વર્ચ્યૂઅલ રીતે ભાગ લેશે.

સંમેલનમાં બહેરીન, અમેરિકા, બ્રિટનઅને દક્ષિણ કૉરિયા સહિત ચારથી વધુ દેશના નિષ્ણાત ભાગ લેશે.આ પરિષદ દરમિયાન

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-યોગ પ્રભાવનો એક દાયકા લાંબો પ્રભાવ અભ્યાસ અહેવાલ બહાર પાડવામાં આવશે. યોગની દશકીય અસર પર ઈ-પુસ્તક અને યોગ સંશોધનના વૈજ્ઞાનિક વિશ્લેષણ પર અહેવાલનું પણ અનાવરણ કરાશે.

આ સંમેલનમાં વિવિધ વિષયના સત્ર યોજાશે. તેમાં બિન-ચેપી રોગના નિવારણ માટે યોગ, સામાન્ય યોગ પ્રૉટોકોલ પર અભ્યાસ અને આંતર-રાષ્ટ્રીય યોગ દિવસની અસરનું મૂલ્યાંકન, યોગ-ટેકઃ ઇનોવેટર્સ પ્રેઝન્ટેશન અને બધા માટે યોગની કલ્પના જેવી વિષયવસ્તુઓનો સમાવેશ થશે.

. . . . . . . . . . .

## HOCKEY

**હૉકીમાં ભારતીય જૂનિયર મહિલા ટીમે ઍન્ટવર્પમાં યજમાન બૅલ્જિયમને ત્રણ-બેથી હરાવીને યુરોપ પ્રવાસમાં સતત ત્રીજી જીત નોંધાવી. ભારતીય ખેલાડી સોનમે ચોથી મિનિટમાં ફિલ્ડ ગૉલના માધ્યમથી સ્કૉરિંગની શરૂઆત કરી. તો ભારતે રમતમાં શરૂઆતમાં સરસાઈ મેળવી. ભારતે પહેલા હાફ સુધી પોતાની એક-શૂન્યની સરસાઈ જાળવી રાખી.**

**જવાબમાં બૅલ્જિયમ 37મી અને 40મી મિનિટે સતત બે ગૉલ કરીને રમતને બરાબરી પર લઈ આવ્યું હતું. મૅરી ગોએન્સે પહેલી ગૉલ પેનલ્ટી સ્ટ્રોકથી કર્યો. ત્યારબાદ માર્ટે મૅરીએ ફિલ્ડ ગૉલ કર્યો. ચોથા ક્વાર્ટરમાં માત્ર નવ મિનિટ બાકી રહેતા કનિકાએ પૅનલ્ટી કૉર્નરને સફળતાપૂર્વક**

ગોલમાં બદલ્યો. બેલ્જિયમ સામે પોતાની ત્રણ મેચ જીત્યા બાદ યુરોપના પ્રવાસમાં હવે ભારતની આગામી મેચ ઓસ્ટ્રેલિયા સામે રમાશે.

. . . . . . . . . . . .